શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

સંસારલીલા.

નાટકના ગાયનો અને ટુંકસાર.

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

નકુભાઇ કાલુભાઈ શાહ

માલેક-શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

ઠે. બાલીવાલા ગ્રાન્ડ થીએટર તારદેવ.

આ ચોપડી શ્રી જૈન એડવોકેટ પ્રી. પ્રેસમાં [illegible]ડીલાલ બાપુલાલ શાહે છાપી, ઘીકાંટા વાડી-અમદાવાદ.

કીંમત ૦-૪-૦

॥ ओम् ॥

– શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

—— :o: ——

સંસાર લીલા

નાટકના ગાયનો તથા ટુંક સાર.

રચાવી, છપાવી, પ્રસિદ્ધ કરનાર,

નકુભાઈ કાલુભાઈ શાહ.

માલેકઃ—"શ્રી આર્ય નૈતિક નાટક સમાજ"

ઠેઃ--તારદેવ બાલીવાલા ગ્રાંડ થીએટર. મુંબઈ.

વિક્રમ સંવત ૧૯૮૬ ઈ. સ. ૧૯૩૦
આવૃત્તિ ૯ મી પ્રત ૨૦૦૦

કિંમત ચાર આના.

શ્રી

પાત્ર પરિચય.

પુરૂષ વર્ગ.

સુત્રધાર ...	... વસ્તુ સુચન કરનાર
રમાકાન્ત ...	... વિલાસપુરના કોઠીયાધીશનો પુત્ર.
પ્રભાકર ...	... રમાકાન્તનો સુશીલ મીત્ર.
મુનીમ ...	... રમાકાન્તના પિતાનો નીમકહલાલ મુનીમ
સુરેન્દ્રનાથ ...	... વિલાસપુરનો સત્તાધિકારી.
શશીકાન્ત ...	... રંગપુરનો જાગીરદાર,
જયન્ત ...	... રમાકાન્તનો પુત્ર,
દોલતરામ ...	... એક કંજુસ શેઠીઓ,
રમણ ...	... દોલતરામનો જમાઈ.

ડોકટર, વૈદ્ય, સોલીસીટર, બાવા, જમાદાર, ગોર, વિગેરે,

સ્ત્રી વર્ગ.

નટી ...	...
સરસ્વતી ...	... સુરેન્દ્રનાથની પુત્રી રમાકાન્તની સ્ત્રી
યશોદા ...	... તેની નીમકહલાલ દાસી
સરલા ...	... રમાકાન્તની બ્હેન
વિલાસી ...	... રંગપુરના જાગીરદારની સ્ત્રી
મધુરી ...	... વિલાસીની દાસી.
પત્રા ...	... એક નાયકા.
નગ્ની ...	... એક વેશ્યા,
માણકી ...	... દોલતરામની નોકરડી.
રમા ...	... દોલતરામની પુત્રી.
લતીકા ...	... દોલતરામની [illegible].

સંસાર લીલા

અંક ૧ લો.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો—સ્થળ રમાકાન્તનો બંગલો—રમાકાન્તની જન્મતિથી ઉજવવા ભેગા થએલા દોસ્તદારોની નાચરંગની પાર્ટિ, શ્રીમંતના છોકરાઓને પઇસા ધારી ચક્રવતી વ્યાજ લેનાર દોલતરામનું હુંડીની મુદ્દત પાકી જવાથી ઉઘરાણીએ આવવું. રમાકાન્તનો ઉડાઉ જવાબ, વ્યાજખાઉ દોલતરામના સ્વભાવનું દિગ્દર્શન સાચા હૃદયના સ્નેહી પ્રભાકરની અણીને વખતે મદદ, રમાકાન્તના પિતાના અવસાનની તારથી ખબર મળવી, તરંગી સ્વભાવના રમાકાન્તની ખુશાલી,

પ્રવેશ ૨ જો—સ્થળ જાગીરદાર સુરેંદ્રનાથનાં બંગલાનો પાછલો ભાગ—પ્રેમજ નાટકમાં શ્રીમંત રમાકાન્તના કૃત્રિમ અંડબરથી [illegible] તેના પ્રેમનો ભોગ બનેલી સુરેંદ્રનાથ જાગીરદારની નિર્દોષ કુમારિકા સરસ્વતિ કે જેણે રમાકાન્ત સાથે કરેલા ગુપ્ત લગ્નથી પ્રાપ્ત થએલા પુત્રના ભવિષ્ય માટે તેની વિશ્વાસુ દાસી યશોદાની ચિન્તા. સરસ્વતીનું આગમન અને યશોદાનો ઇન્કાર માનવો, પીતાના મરણથી મળેલા વારસાના તોરમાં ઉચ્છંખલ બનેલ રમાકાન્તનું આગમન, એકમાં સંતોષ નહીં માનનાર વીસમી સદીના જેન્ટલમેંટ લોફર

રમાકાન્તનો પવિત્ર અને ભોળી સરસ્વતીથી છુટવાનો પ્રપંચ, છોકરાને તજી દેવાની સલાહ. સરસ્વતીનો સ્પષ્ટ ઇન્કાર તે રમાકાન્તે તેને તરછોડી ચાલ્યા જવું.

પ્રવેશ ૩ જો—સ્થળ દોલતરામનુ મકાન—દોલતરામની પ્રેમઘેલી પુત્રી રમાનો રમણનો મળવાનો ઉત્સાહ, તેના સાચા દીલના આશક લેભાગુ કવિ રમણનું પોતાની માશુકને મુગ્ધ કરવા, નાટકના લખેલા સીનો લઇ આવવું, નાટકનો પ્લોટ સાંભળી રમાનાપીતા દોલતરામનું સર્વ વૃતાંત ખરૂં માની ચીડાવું, કંજુસ પીતા અને ઉચ્છંખલ પુત્રી વચ્ચે ચકમક.

પ્રવેશ ૪ થો—સ્થળ રમાકાન્તના મહેલનો એક ભાગ--રમાકાન્તની બ્હેન સરલા અને સખીઓનો સહચરી વિનોદ રમાકાન્તના સુશિલ સ્નેહી પ્રભારનું આવવું. યુવાન હૃદયોનું આકર્ષણ, સાહેલીઓની પ્રેમ ચેષ્ટા.

પ્રવેખ ૫ મો—*સ્થળ રમાકાન્તનું વિલાસ ભુવન-લક્ષ્મીવાનોની લીલા, સરલાનુ પોતે ભરેલા ફંડમાં રૂપીઆ એક હજાર લેવા દેશ સેવીકાઓ સાથે આવવું, રમાકાન્તનો સ્પષ્ટ ઇનકાર

" વીસમી સદીમાં ભીખનું અરીહાન એ ઉપનામ છે,
એ ભીખારીને પોષતાં બેહાલ હિંદુસ્તાન છે. "

ભાઇ બહેનની રકઝક, વૃદ્ધ મુનીમે પોતાના માલીકની પુત્રીનું વચન રાખવું રમાકાંતનું છેડાવું, મુનીમનું ખુન કરી પિતાનું દીલ લઇ લેવું, દોલતરામે આવી મીલકતનું કરારનામું લખાવી લેવુ પોલીસની ધડપકડ અને રમાકાન્તનું ન્હાસવું.

પ્રવેશ ૬ ઠો—દોલતરામનું મકાન--દોલતરામની ટેમ્પરરી મીસીસ ભાણકીની શેઠાઇનો આડંબર, રમાપર વ્હેમાએલ દોલતરામે આપેલી જાહેરખબરથી રમણે ભૈયાના વેષથી નોકરીરહેવા આવવું, શેઠની પરિક્ષામાં ભૈયાજી પાસ, પડદામાં પ્રેમીઓનું મીલન

[illegible]શ ૭ મો—સ્થળ. જાગીરદાર બંગલાનો એક ભાગ— રમાકાન્તે તજેલી દુઃખી સરસ્વતીના ઉદ્‌ગાર, ખુની રમાકાંન્તનું આગમન, ખુનીની પત્નિ તરીકે જગતમાં જાહેર ન થવાનો સરસ્વતીને રમાકાંન્તને ઉપદેશ, આદર્શ આર્ય રમણીનો અડગ નીશ્ચય, સરસ્વતીના આગ્રહનેવશ થઇ રમાકાંતે છુપાવું પાછળથી દોલતરામે આવી સુરેન્દ્રનાથ જાગીરદાર આગળ ભેદ ફોડી નાખવો, જાગીરદારનું ઉશ્કેરાવું, સરસ્વતીની આર્જ વતા અને રમાકાંતના છુટકારાની માગણી જાગીરદારે પુત્રીના સ્નેહ કરતાં ન્યાયધર્મની જવાબદારી શ્રેષ્ટ માની પોતાની ફર્જ પર અડગ રહેવું પુત્રીએ પીતાના સ્નેહ કરતાં સ્ત્રી ધર્મને શ્રેષ્ટ માની રમાકાંતને યુક્તિથી નસાડવો. સીન ટ્રાન્સફર ડોકમાંથી રમાકાંન્તને લઇ સ્ટીમરનું ઉપડવું જાગીરદારે સીગનલ દેખાડી સ્ટીમર હોલ્ટ કરાવવી, રમાકાંતે જીવ બચાવવા સ્ટીમરમાંથી કુદી પડવું, શાર્ક માછલીના મોંમાં સપડાવું જોલી બોટમા વિહાર કરવા નીકળેલા રંગપૂરના જાગીરદાર શશીકાંતનાં હાથથી તેનો બચાવ,

ટેબ્લો.

અંક ૨ જો

પ્રવેશ ૧ લો—સ્થળ. શશીકાંતનો બગીચો—પ્રૌઢ વયમાં પરણેલી નવજુવાન પત્નિ વિલાસીનીના વિલાસનું દિગ્દર્શન; નાચરંગ પછી વિલાસીની અને રમાકાંતનુ એકાંત, યુવાન હદયોનું આકર્ષણ, સેતાનના સાથી બનેલા રમાકાંતે વિલાસીનીને પોનાના કૃત્રિમ આડંબરથી પોતાની સ્નેહજાળમા ફસાવવી નીચતાની [illegible], [illegible] કામ પ્રસંગે [illegible] [illegible] [illegible], [illegible] અને વિશ્વાસુ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible],

પ્રવેશ ૨ જો—સ્થળ દોલતરામનું ઘર—સરલા કે જે રમાન્કાન્તના ભાગી જવા પછી દોલતરામ જેવા કસાઇના હાથમાં આવેલી છે; જે દોલતરામ રમાકાંતના પઇસા સાથે સરલાને પરણવા માગે છે તો તેમાંથી છુટવા સરલાની ચીંતા પ્રભાકરનું આવવું અને આ સ્થળ છોડી બીજે જવાનો બનેનો ઠરાવ, દોલતરામનું આવવું પ્રભાકર સાથે રકઝક છેવટે રમાકાંત કે જેને અત્યાર સુધી સરલા મરી ગએલો માને છે, તેના જીવતા હોવાના ખબર આપવા અને જે તેનો પ્રેમ કબુલ નહીં કરે તો આવે પત્ર પોલીસના હાથમાં આપવાની ધમકી સરલાની વિહ્વળતા ભૈયાનું આગમન અને જેનું કોઇ નહીં તેનો ઇશ્વર તે કહેવત પ્રમાણે રમણનું સરલાના બચાવ માટે આવી મળવું.

પ્રવેશ ૩ જો—સ્થળ. જંગલ—પતિની શોધમાં પિતાથી તજાએલી અને દુનીયાથી છેતરાએલી, ગરીબ સરસ્વતીનું પુત્ર જયંત સાથે આવવું ત્યાં ફરવા નીકળેલા રમાકાંત અને વિલાસીનું આવવું, બંનેની, પ્રેમ ઘેલા પતિ માટે પિતા તથા દેશ છોડયો તેમજ અન્યના પ્રેમમાં જોઇ સરસ્વતીનું મુર્છીત થવુ વિલાસીની દયા, અને સારવાર કરી જલ્દી આવવા રમાકાંતને કહીને જવું રમાકાન્તની સરસ્વતીને ચાલ્યાં જવાની ધમકી સરસ્વતીની આજીજી, રમાકાંતનું ચીડાવું અને ક્રોધના આવેશમાં સરસ્વતીને ઘાયલ કરવી પાણી ભરવા મોકલેલ છોકરાનું આવવું ગુમથી જાગીરદારનું આવવું રમાકાંતનું ભાગી જવું સરસ્વતી શશીકાન્ત જાગીરદારના આશ્રયમાં.

પ્રવેશ ૪ થો—સ્થળ દોલતરામનું ઘર—ચોરના ઘેર ચોર પરોણો એ વાત પ્રમાણે ભાણુકીએ પોતાના પુત્રને દોલતરામના પુત્ર તરીકે જાહેર કરી તેની પાસેથી પઇસા કઢાવવાનો વિચાર રમણનુ આવવું ભાણી પાસેથી વિચાર જાણી પોતાના કામને જલ્દી પાર પાડવા સારૂં ભાણુકીને મદદ આપવાનું વચન છોકરાને

કબજે લઇ ભાણુજીને બીજે ગામ મોકલી આપેલ સલાહ પ્રમાણે વર્તવા કહેવું, દોલતરામનું આવવું ભૈયાએ છોકરાનો હવાલો આપવો, પાપનો પ્રકાશ દોલતરાનો ગભરાટ બાદ સલાહ પ્રમાણે મરીને ભુત થયેલ ભાણુજીના કાગળનું આવવું. દોલતરામનો ગભરાટ પર ગભરાટ.

પ્રવેશ ૫ મો—સ્થળ શશીકાન્તનો મહેલ—સરસ્વતીને બચાવા જતાં મળેલા ચેકના ટુંકડાના સાંધા મેળવતાં વૃદ્ધ જાગીરદારની પોતાની પત્ની તથા રમાકાન્ત માટે શંકા, છોકરાના ખુલાસાથી શંકાની મજબુતી બાદ સરસ્વતીને પુછવા છતાં પતિ પ્રેમી સરસ્વતી કે જેનું હરહંમેશ ધ્યાન પતિના સુખમાંજ છે અને તે બીચારી વિલાસીને જાગીરદારની પુત્રી તરીકે માને છે, તેને રમાકાન્ત સાથે વરાવી દેવાની માગણી, જાગીરદાર પાસેથી ખરો ખુલાસો એટલે કે વિલાસી પુત્રી નહીં પણ પત્ની છે તે જાણતાં સરસ્વતીનો પશ્ચયાતાપ અને જાગીરદાનો ક્રોધ રમાકાંતનું વિલાસીને લઈને આવવું રમાકાંતની વધારે નીચતાનો નમુનો અને પઇસા તથા પત્ની લઇ ભાગી જતાં જાગીરદારના હાથે રમાકાંતનુ પકડાવું અંધ પ્રેમી વિલાસાની સલાહથી રમાકાંતના હાથે શશીકાંત ઘાયલ બન્નેનું ભાગવું સરસ્વતી તથા સુરેન્દ્રનાથ જાગીરદારનું આવવું.

ટેબલો.

—અંક ૩ જો.—

પ્રવેશ ૧ લો—સ્થળ હોટલ—નાસી આવેલા રમાકાંતનો હોટલમાં પારકે પૈસે પરમાનંદ. વિલાસીનું આવવું રમાકાંતનું બેદરકારીથી ઉઠી ચાલ્યા જવું. વિલાસીનો પોતાની સ્થીતી પર પશ્ચાતાપ. બેવફા આશક અને સાચા પ્રેમીની તુલના રમાકાંતનું આવવું પરસ્પર

તકરાર, રમાકાંત કે જેને હવે વિલાસીની નહી પણ લાવેલા પૈસાની જરૂર છે તેનું પૈસા લઇ વિલાસીને નિરાધાર હાલતમાં મૂકી ચાલ્યા જવું. વિલાસીની અધોગતી, હોટલના ખીલની ઉઘરાણી. પૈસા બદલ પોતાની કીમતી સાડી આપવી અને જવું

પ્રવેશ ૨ જો-સ્થળ, દોલતરામનું ઘર-ભૂતની ભ્રમણામાં બહેલા દોલતરામનું મોરપીંછાના કડાં પહેરી ભુતના ઉતાર તરીકે આવવું. રમણની શીખવણી પ્રમાણે દોલતરામે બીવરાવવા ભૂતડી તરીકે ભાણીનું આવવું. દોલતરામનો ગભરાટ, રમણનું ભુવાબની આવી સરલાને પરણવાનો વિચાર છોડી દેવાની સલાહ.

પ્રવેશ ૩ જો—સ્થળ. વેશ્યાનું મકાન—ભુખ તૃષાના ત્રાસથી કંટાળેલી વિલાસીનું આવવું સતીત્વથી ભ્રષ્ટ થતાં એક વખતની મહારાણી મનાતી વિલાસીનું ઉદરનિર્વાહ અર્થે વેશ્યાને ઘેર નોકર તરીકે રહેવું. ભુતના વ્હેમમાં ઘેરાયલા દોલતરામનું શાન્તીને માટે અચાનક ત્યાં આવવું. દોલતરામ તથા વિલાસીની ત્યાં મુલાકાત કર્યા તે પુણ્ય છે તેમ માની વધારે પાપ ન કરવા ખાતર ફરેબથી દોલતરામની હીરાની વીંટી માગી લઇ હીરો ચુસી આપઘાત કરવો. દોલતરામનું ગભરાઇને ભાગવું, અચાનક રમાકાંતનું આવવું વીલાસીની આખર સ્થીતિ જોઇ રમાકાંતનો ગભરાટ સુરેન્દ્રનાથ જાગીરદાર આવવું, રમાકાંતના હાથે સુ૦ જાગીરદારનું ખુન સરસ્વતી કે જે પતીને બચાવવા પોતાના પીતા સાથે પોલીસના છુંપા લેબાસમાં આવેલ છે તેનું જાહેર થવું, સતીનો પતિ પ્રેમ અને પતિને નસાડી ખુની તરીકે જાગીરદારની સમક્ષ પોતે જાહેર થવું. સરસ્વતી કેદ,

પ્રવેશ ૪ થો—સ્થળ દોલતરામનું ઘર—પ્રકાર રમણ, સરલા અને ભાણી વગેરેઓએ જુદા જુદા રસ્તે ...ની સારાભાઇ દોલતરામને વધુ ગભરાવવો લાચારીથી દોલતરામે સરલા ... થી

પ્રેમ બીજ નાખવા ઉત્સુક બનું, ગોટાળાનો ખુલાસો બન્ને પ્રેમી યુગલોના બુઢા દોલતરામના હસ્તે લગ્ન, આનંદ અને કોમીકની પુર્ણાહુતી.

પ્રવેશ ૫ મો—સ્થળ ફાંસીનો માંચડો—સ્નેહયજ્ઞનો ભોગ થવા તૈયાર થયેલી સરસ્વતીનો તથા જાગીરદારનો સ્ત્રીધર્મ વિષે સંવાદ, સરસ્વતીના પ્રેમની પરીક્ષામાં. રમાકાંતનું આવવું અને ખુની તરીકે જાહેર થઈ પોતાનો અંતીમ પશ્ચાતાપ કરી આપઘાત કરવો, પતીપ્રેમમાં વશ બનેલી સરસ્વતી, પોતાના બાળક જયંતને જાગીરદારનાચરણમાં સોપી પ્રાણ ત્યાગ કરી આર્ય રમણી નામનું સાર્થક કરવું.

ટેબ્લો.

સંસાર લીલા
નાટકના ગાયનો.

શ્રી મંગળાચરણ.

શ્રીવર નામ ઉચ્ચારસું સુંદર
નિરાકાર નિર્ગુણ અતિ મંગલ
કરમન કોમળ સુચીકર અંતર
ભજ કરૂણાકર નિરગુણ દુઃખહર   શ્રીવર
જો કલ્યાણ ચહે હૃદયે નર
ભજનિતિ પ્રાતઃસમય અતિ સુખ
શુદ્ધ ભાવધર પ્રેમ ભુધર પર
પામે ચતુર ઉદ્ધાર તું ભુપર—શ્રીવર.

બાળાઓ— (૧)

નીજ પ્રેમની ખાતર પ્રાણ તજે જન તે ભવ આ તરતાં
બાંધી પ્રીતડી નિત્ય નિભાવે ધન્ય જીવન એ કરતાં—નીજ.
પ્રેમ નેમની મઝાજ જુદી પ્રેમાંશી જન જાણે
વિશ્વ સકળનાં અભ્યંતરમાં પ્રેમ પ્રેમ જોતાં
અરે એ જીવન સફળ કરતાં...........—નીજ.

વારાંગના-- (૨)

ઇશ્કકે બાઝારમેં જુઠી મહોબત લાયેગેં
લુટને જોબન જો આયે હયે વ્હો લુંટા કર જાયેગેં,

મેરી બારા બરસકી ઉમરીયાં જોબનકા ઉભાર હય.
અબરૂ તલવાર હય આંખે કટાર હય
જીસ્કો દેખા બસ તીર હમને ફેંકા ઓહો બીસ્મીલ શીકાર હય
મેરે સીને પર કુચ્ચે અનાર હય.
મુજસે મહોબ્બત બરછીકી ધાર હય.
પતલી કમારી કમરીયાં સાવરીયાં લાચાર હય—મેરી.

રમા તોલારામ– (૩)

હું જરદાર હું સરકાર મોટરકાર લાવો યાર.
બસ બ્રાન્ડીની બોતલ લાવો સાથે નવેલી નાર.
બસ વન્ડરફુલ કોઇ બેન્ડ મંગાવો.
મોજ ઉડાવો યાર,
ઝનનન પોમ પોમ (૨) વાજાનો ઝણકાર.
હો બગલમેં સનમ પાયેંગે હમ દેશી રમ,
બસ બગલમાં મડમ ઓ માય ડાયર કહેશે વેલકમ.

સરસ્વતી– (૪)

ખીલી રહી કેવી શોભા અપાર.
કરતી તરૂલતા વહાર......ખીલી
મધુર મધુર પવન વાય.
લલીત લલીત લીલા છવાય.
અખિલ જગત રમ્ય જણાય.
વંદન વિભુ વારંવાર........ખીલી

રમા– (૫)

ખીલેલી કળીઓ (૨) વીણુ માલી સીંચન આ કરમાઇ.
કાંઇ ઉપાય ના સમજાય ..ખીલેલી

મધુકર મદમાતો જોઇ ભલી કળી રાતો બહુ ક.ક..
હૃદય હરખાતો વળી વાતો કરી કરી કંઇ ગાતો
વળી વળી લળીને ચુંબન કરતો કાય કળી વીખરાય
ઉર ઉભરાય ને શરમાય............રે ખુલેલ

દોલત–રમા–રમણ–ભાણકી (૬)

ઓ પાજી (૨) આજે આવ્યો હાથ બચચાજી.
એ દિલ રાજી તો કાજીની ક્યાં દરકાર છે.
જી (૨) ગાળી કરવી ના પતરાજી,
ઓ દાદાજી (૪) ચુપ આ તારો તો સરદાર છે.
કરતા તા નાટકબાજી, ચોરી છોડી દે પતરાજી.
વાહ મારા પ્રાઇવેટ માજી.
દોલતરામની દોલતપર બંદા રહ્યા છે ગાજી.
દિકરા મારા ઢોર હરાયાની કરૂં હરરાજી.
નાનાજી (૨) હાંજીહાંજી (૨)
શું સમજ્યાં મુંગા બજી, હવે માફ કરો પિતાજી.
આ તો પહેલી છે બાજી બીજી તૈયાર છે.

સરલા– (૭)

આતે આજના જમાનાના કેવા પ્રકાર
જોઉં જ્યાં જ્યાં હું ત્યાં ત્યાં ફક્ત પ્રેમનાં બજાર—આતે
હંગીગ ગાર્ડન પર પ્રેમ, સાંજે બેન્ડ સ્ટેન્ડ પર પ્રેમ.
રાતે નાટકમાં પ્રેમ જોઇ જાગે વીકાર.................આતે
રમણી વીલાસ કરે પુરૂષો ગૃહ કાજ કરે
ધન્ય સદભાગ્ય આજ ભારતના જાય
કુળની મર્યાદ તજી રાત દિવસ બહાર ફરે

સુંદર પોશાક સજી પર પુરૂષે પેમ કરે
કુળ નારી ગૃહ લાજને વિચારી, મર્યાદ માન ધારો.
આતે પ્રેમ છે કે મોહ તે વિચારો..........આતે

સરલા સખીઓ- (૮)

ધારી ધારી જોતી તું બ્હેની કોને
જોઇ જોઇ લજવાતી બ્હેની કોને
" ના, ના, ના, "
નીરખી નીરખી છબી સુંદર ભરતી શ્વાસ અનેરા તાળી લ્યોને
તું તરૂણીનુ દીધેલ દીલ તે, વરૂણ રૂણ નવ રાખશે.
કરશે મ્હેમાની મનમાની વળી અનંગ રંગ રેલાવશો,
" નાના...હાંહાં (૨) પછી હાં...હાં...હાં. "
વેણી આ વીખરાશે પછી અંગ પસીનો થાશે,
ચોળી સાડી ચોળાશે, તનના સહુ તાપ સમાશે,
થાવાનું તે સહુ થાશે, તેમાં આપણું શું જાશે—ધારી,

સરલા-પ્રભાકર-સખીઓ- (૯)

મળ્યા મનના માલીક એ વરગેલી સાહેલી,
અમે જઇયે એ બ્હેન રજા લઇએ.
રસરાજ બન્યા કેદી તારા,
સ્નેહ બંધનમાં કેદી આ આ આખો સંસાર
ફુલથી સુકોમળ એ બંધનના માર.
ગાગા ધીરે નાજુક બંધ ધીરે ઉતાવળે ના ભરતી પગલાં
ગાં રેહ તણાં બંધ કે શું કેદના પ્રબંધ
હું તો ડરતી એ માર્ગ માંહી ભરતાં ડગલાં,
ગા । સાંધી નયન બાણ સાંધી ભુજબંધ ખુબ બાંધી
રસીયાથી રંગ રમજે બાળા- અલી આજે

સરલા— (૧૦)

મ્હેમાન જગની મેદની મ્હેમાન માનવ જાત છે.
વૈભવ નગરના વાસીઓ વઇભવ વિશે રળીયાત છે.
વણસી જશે દિન ચારમાં આ માટીની મ્હેલાત છે.
આ ચાર દિનની ચાંદની અંતે અંધારી રાત છે,
જુઠી જુઠી આ વૈભવની માયા
આ સાહેબી ચાર દિનની,
ક્ષણીક સુખમાં સંસારીયાં લોભાયાં
આ સાહેબી ચાર દિનની,
લક્ષ્મી સાગરે તરંગ કંઇક આવે,
ચાર દિન માટે ચિત્તને ચળાવે,
જીવન પંથને એ 'બાપુ" ભુલાવે...
આ સાહેબી ચાર દિનની.

[illegible]— ૧૧

ફુલી ફુલીને હું ફરતી બની ફાંકડી નાર.
કોણ છે બરાબરી કરનાર:
તીજોરીઓની ચાવી લઇ થઇ શેઠાણી [illegible]
હવે હું રૂવાબથી રહેનાર
અત્તર લીધાં હતર હોના
ઓટો મોટની બારી હોના
પાંચ ટકાનાં જોબન માટે
કરોડોનાં હણગાર હાયબી મારી અપરંપાર.

રમા-રમણ— ૧૨

પ્રીયતમજી પારણે ઝુલાવજો રે
બાંધી પ્રીતડી તે પ્રેમથી નીભાવજો

છાને છાને મંદીર મારા આવજો રે
આવો આવો અનોખા રંગ લાવજો
અળગીન આપથી આખરી પ્રીત જાણજો
બાપ તારા એકડાની મોટી મ્હોકાણજો
દુઃખમાં છે પ્રીતની પીછાણજો રે
આવી પુષ્પોનીસેજન શોભાવજો.

સરસ્વતી— ૧૩

લાગે જીવન સુન્ય નીરસ જગત સકળ,
નૌકા ડુબે મારી કોઇ ન સુકાનો,
કોઇ રજની ઘોર સાગર ભરતી જોર
આવે વ્હારે મારી વિનતીને સ્વીકારી--લાગે,

અંક ૨ જો.

---

(૧૪)

ડેન્સ.

પસાની ધધપ મપમરે મગ રે ગરેગ મગરે ગરેસા
સારેગમ પધમ ધપ ગરે ગમ પમ ધપ સાનીધપ,
મગરેસા, પસાની
મરે સાનીમ રેસાનીધ ... નિધમ સાસા નીધપ
મપ મગરેસા, પસાની
રેરેસા (૨) રેસાની ... પસાની
પધપ જાસા ગમપ...પસાની
સારેગમ રેમણુપ ગમપધ...પસાની
મમપ (૩) નીલપ............પસાની
સારેગમ પમગરે સાનીધપ...પસાની

વિલાસી-રમાકાત— ૧૫

પ્રેમ મોરલી નાદ મધુરે વાલીડે વશ કીધી હાં કીધી
અનંગ રંગી રક્ત લોચને લાલ લોભાવી લીધી હા લીધી
કામ જ્વર પીડા કરતો અંગ સલુણી ઉતમ આજ પ્રસંગ
દર્દ કરો સહુદુર સલુણા વરસાવી રસધારા પ્રીય મારા
અધરામૃતનું પાન કરીને અમર થશે પ્રીય તારા હાં તારા
અમુલો અંગઅંગ ઉછરંગ
જમાવે જોબનીયું મહાજંગ
સરીતા સાગરનોજ પ્રસંગ
રંગ છે જાદુગરને રંગ પ્રેમ,

સરલા— ૧૬

મુરખ જન વ્યર્થ કરે અભિમાન
લોભ મોહનીજાળ બીછાવી
શીદ બને તુ હેવાન
કોઇ ટકયુ નહી કાંઈ ટકવાનુ
ભજી લે શ્રી ભગવાન

રલા— ૧૭

મરે તારા ભરૂસો નાથ ભારી
કોણ તારા વિના લે સંભાળ શ્યામ મારી
સતી શીતાને આગમાંથી બળતી ઉગારી
ભીડ દ્રૌપદીની નાથ તે નીવારી
ધીર સાચી ધરનાર બેલી સત્યના આધાર
તોલે ત્રીકમ કરનાર છો મુરારી
હું છું નટવર ગોપાળ ગાય તારી
મારે હઈડે હરીની હામ ભા?

સરસ્વતી- ૧૮

કર્મ કર્યાં કુડાં હશે લીધુનાં હરી નામ
તેથી દીન થઇ ભટકતા અન્ન વસ્ત્ર વિણ આમ
વિપદ વિદારો દીન દયાળ
નીજ પતીનની હયો સંભાળ
પતિના વિયોગે વન અથડાવું
દુસ્મન જગત જન કયાં જવું
અધમ ઉધ્ધાર દુઃખી મમ બાળા

રમાકાંત વિલાસી- (૧૯)

પ્રેમી પરોણા છો ચિત હર પ્રિય કર પ્રિતે પાળજો
અંતરીએ રાખજો હંડાને હાજો .... પ્રેમી
સ્નેહના સીંધુ અમૃત બીન્દુ
ચંદવદન આ વિમળ વિલસતું
યૌવન મદઘેલા અલબેલા છોગાળા છેલા-૨.હ... પ્રેમી

સરસ્વતી— (૨૦)

ન જીવન પ્રાણમાં બાકી ન ચેતન તનમહીં બાકી
છતાં એ નાથમાં મારો અપગ વિશ્વાસ છે બાકી
જગતની હું નથી સ્વામી જગત મારૂં નથી સ્વામી
તમે મારા ન જો સ્વામી કધીએ આશ છે બાકી
જગતના બંધનો તુટયા નયનમાં આંસુઓ ખુટયાં
જીગરના તાર છે તુટયાં રે છેલ્લો શ્વાસ છે બાકી

ભાણુજી— (૨૧)

અલુલુલુ હાલ હાલ હાલ અલુલુ હાલ
સોનાનું પારણું મંગાવુરે હાલ હાલ હાલ

મારા કીકાને ઝુલાવું રે હાલ
છાનો મારા વીર ભરી આવું નીર
પછી તને હેતથી હલાવું રે હાલ (૩)
ભાઇ છાનો બાપા છાનો અરે છાનો રડયા છાનો
રૂડાં રમકડાં રમવાને લઇ આવું
ઝગમગતા ઝભલાં બે દરજન મંગાવું
ગોવાથી આયા બોલાવું રે હાલ હાલ હાલ
આયા ઈધિર આવ બાબાગાડી લાવ
બેબી રોતા હય પીરને લે જાવ અલુલુલુ હાલ હાલ હાલ

દો-રમણુ-રમા-- (૨૨)

આવી અણુધારી આ ધાડ
બાપા ગેબી ગોળા માર
રાંડને આવ્યો ના વિચાર
મરકે ભુત બની નીરધાર
ભાઇ ભાળો ભાઇ ભાળો
એક આ ફેશનનો ગોટાળો
શામળીયાજી કરજો મારી સહાયરે
તમો મોટરમાં બેસી વ્હેલા આવજો
શું શામળીયોજી સ્હાય કરે આ બાળકને સંભાળો
તમો શીદ મને સહુ બાળો
નંબર વનનો આ ગોટાળો હાય હાય હાય
મારા દીલમાં આ વાગી ખીલી મારા પગની નળીઓ થઇ ઢીલી
દીકરી આનો શું ઉપાય
ઇજ્જત ટકે શેર વેચાય અરેરે મરી ગઇ તારી માર
બાપા હાય હાય હાય બાપા હાય

ડ્રાપ.

અંક ૩ જો.

વારાંગનાઓ- (૨૩)

મંયે વારી સૈયાં પીયો પીયોજી મદવા
ગાલ ગુલાબી લાલ શરાબી
ચાલ ચલત મતવારી મોરે સઈયાં પ્યારે-પીયો
રાત અનોખી ચાંદનીકી નેહ નયન મનલાય
અધરકો પાન કરત પરસ્પર પ્યારીકો મુખ મલકાય
દોનો રંગી એક રંગમેં રંગાએ અનંગ રંગમેં
અરસ છલકાય-મય વારી.

વિલાસી- (૨૪)

ભોળી હું ભ્રમમાં ભુલીરે જુઠા જગમાં
ફોગટ ફેશનમાં ફુલીરે જુઠા જગમાં
ઝાકળને મોતી જાણી અબળા હંસી અટવાણી
પહેલાં પરખ્યું નહીં પાણી રે...જુઠા...ભોળી
નરદંભ પ્રેમમાં ડોલે હું તારો એમજ બોલે
મુરખ અમી અંતર વિષ ઘોળે રે.....જુઠા...ભોળી
દેખ્યા વિણુ ડગલું ભરીએ ભવરણમા ભટકી મરીએ
જોઇ પાત્ર પ્રેમ તો કરીએ રે......જુઠા...ભોળી

રમણ-દો-રમા— (૨૫)

મય ઉમર ખાનકા ચેલા કે ઘુણો બેટા મેરા
કોઇ દાકની કોઇ છાકની હો ગામકી પરગામકી
કોઇ જોગની કોઇ ભોગની પીઅન ધાંચન મોચન ખુડચમ
કોઇ ઘરેં ઘરેંકા ડેરા કે ઘુણો બેટા મેરા અંબંભપન્ન
સુપદાન કોઇ લાવો યે સકીયાં પીર રીઝગાઓ
બસ જલાકર ખાક કરૂં પીર બેઠો મોજ ઉડાવો
આકાશસે પાની બરસે તડતડકે બીસજલી કડકે
બેસાસુંરકા સીના ફડકે બમ રખખો ઘસે પકડકે
કોઇ આવો મને બચાવો મમમા દેવીના


આવ્યો બુનબાઇ શું ખાવા માંડયુ બુન હવે ઉભરાવા
અંબભંપમબ (૩)

છોકરીઓ— (૨૫)

બીજી મેંડકીરી મેરો પાનીમેંકી રાની
કાર્વા મેરા ભાઇ ભતીજા ચીલ મેરી દેવરાના
બગલા મેરા છોટા દેવર દેખદેખ ડરકાની (૭) બીજી
અગલા નાચે બગલા નાચે નાચે બેતલ ખાના
ધોલ પીલી સાબરી ટોપી નાચે મેમસાબ ! જામા (૪) બીજા

દા. સ પ્ર ર ર ભા— (૨૬)

રંગે અંગે સંગે રહેજો, આશીશ છે મારી
વડીલ અમોને આજ તમોએ કીધાં આભારી
વ્હાલમ અમ વરણાગીઆ પર જતએ બલહારી
લઇ કડતાલો ભજન કરીશું રામ ભજનમાં રહીશું
કાળાં કરમો કરવાં મુકી કૃષ્ણ કૃષ્ણ મુખ કહીશું
બોલો રામચંદ્રકી જય બોલો બંસી ધરકી જય
બંસીધરના વ્હાલા લઇ શું રાધાવરના લ્હાવા લઇશું
સીતાવરના લ્હાવા લઇશું
તુંહી રામ (૨) તુંહીરે મારો ચકો બોલે રામનામ
બસ તુંહીરે બસ તુંહી તુંહી રામ તુંહી (૨)



સમાપ્ત